# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## સંસ્કૃત કોલેજ/ અનુસ્નાતકની
## મુખ્ય સુવિધા અને આકર્ષણ બિંદુઓ

- સક્ષમ અધ્યાપકશ્રીઓ દ્વારા અધ્યાપન.
- સ્નાતક - અનુસ્નાતક - સંયુક્ત બી. એ., બી. એડ. અભ્યાસ સાથે યોગ, મંદિર વ્યવસ્થાપન, જ્યોતિષ, કર્મકાંડ, સંસ્કૃત શિક્ષણ, સંગીત વિષયોમાં ડિપ્લોમા ઉપરાંત મંદિર વ્યવસ્થાપન અને પ્રવાસનના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમોમાં અધ્યયન કરવાનો ઉત્તમ અવસર.
- વિવિધ ઓનલાઇન પાઠ્યક્રમોમાં જોડાવાની વ્યવસ્થા.
- અંગ્રેજી, કોમ્પ્યુટર, ગુજરાતી, હિન્દી, અને ઇતિહાસ જેવા આધુનિક વિષયોનું તજજ્ઞો દ્વારા અધ્યાપન કાર્ય.
- યુનિવર્સિટી પરિસરમાં શારીરિક શિક્ષણના આસિસ્ટન્ટ પ્રોફેસર દ્વારા રમત-ગમત અને આચાર્ય (એમ. એ.) યોગનું પ્રશિક્ષણ.
- વાગ્વર્ધિની, વાક્યાર્થ પરિષદમાં સંસ્કૃત સંભાષણ, શાસ્ત્ર ચિંતન - મનન, તથા શોધ પત્ર પ્રસ્તુતિ કરવાની તક.
- અનુસંધાત પ્રવૃત્તિમાં પ્રોત્સાહન માટે એસ.એસ. આઇ. પી.-૨.૦ (SSIP 2.0) અંતર્ગત રૂ. ૨.૫ લાખ સુધી આર્થિક સહાય.
- વિદ્વાનોના વિશિષ્ટ વ્યાખ્યાન અને સેમિનારનો લાભ.
- અલગ અલગ સંસ્થાઓમાં નિયુક્તિ માટે રોજગાર મેળાનું આયોજન.
- યુવક મહોત્સવ, પદવીદાન સમારંભ જેવા શૈક્ષણિક કાર્યક્રમોના સંચાલન તથા વ્યવસ્થાપનનું શિક્ષણ.
- રાજ્ય તથા રાષ્ટ્ર સ્તરીય સ્પર્ધાઓમાં ભાગ લેવાની તક.
- વિવિધ રમતોમાં ભાગ લેવાનો અવસર.
- પુરાણ-કથા-પ્રવચનો જેવા સામાજિક - ધાર્મિક કાર્યક્રમોના વક્તા તરીકેની સક્ષમતા કેળવવાની કેળવણી.
- સંસ્કૃત સંભાષણની તાલીમ.
- સંપૂર્ણ સગવડ ધરાવતી ગાર્ગી કન્યા છાત્રાલય તથા ચંદ્રમૌલિ કુમાર છાત્રાવાસ, વિશાળ ગ્રંથાલય, યોગ ભવન, રમત-ગમતનું વિશાળ મેદાન, વ્યાયામ શાળા, પ્રોજેક્ટર જેવી આધુનિક સુવિધા.

## પ્રવેશ માટે જરૂરી સૂચનાઓ

પ્રવેશ માટે મે-જૂન માસ દરમિયાન કોલેજ/અનુસ્નાતક ભવનમાં છેલ્લે પાસ કરેલ ગુણપત્રક, શાળા છોડાયાનું પ્રમાણપત્ર, આધાર કાર્ડ, બેંકપાસ બુક વિગેરે જરૂરી દસ્તાવેજોની બે-બે ઝેરોક્ષ નકલ, બે ફોટો તથા જો કોઇ વિદ્યાર્થીએ અભ્યાસમાં ૧ વર્ષ કે તેથી વધુ સમય માટે અભ્યાસ છુટી ગયેલ હોય તો તે અંગેનુ કારણદર્શક સોગંદનામા સાથે રૂબરૂ સંપર્ક કરવો.

### બી. એ./ બી. એ., બી. એડ્. માં પ્રવેશ માટે સંપર્ક


| | | | |
|---|---|---|---|
| **ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા** | **ડૉ. પંકજકુમાર રાવલ** | **ડૉ. અમિષા દવે** | **શ્રી જયદીપસિંહ પરમાર** |
| આચાર્ય | અધ્યાપક | અધ્યાપિકા | જુનીયર ક્લાર્ક |
| ૯૮૯૮૫૪૦૪૦૩ | ૯૮૭૯૩૨૯૮૯૮ | ૮૭૩૩૯૯૯૩૩૫ | ૭૩૫૯૫૧૭૪૦૦ |


### એમ. એ. માં પ્રવેશ માટે સંપર્ક


| | | | |
|---|---|---|---|
| **પ્રો. (ડૉ.) વિનોદકુમાર ઝા** | **ડૉ. જીગર ભટ્ટ** | **ડો. આશાબેન માઢક** | **શ્રી કેતનભાઇ કાચેલા** |
| અધ્યક્ષ | અધ્યાપક | અધ્યાપિકા | લેબ. આસિસ્ટન્ટ |
| ૮૩૨૦૦ ૭૨૨૭૧ | ૭૬૦૦ ૫૨૯૨૭૧ | ૯૯૯૮૬ ૧૨૨૪૮ | ૯૨૨૮૨ ૮૮૩૨૬ |

**કાર્યાલય : ૦૨૮૭૬-૨૪૪૫૩૨/33**

web: www.sssu.ac.in E-mail: sssu.veraval@sssu.ac.in

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
# વેરાવળ

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત અને NAAC દ્વારા A+ શ્રેણી દ્વારા મૂલ્યાંકિત તથા UGC દ્વારા 2F અને 12B માન્યતા પ્રાપ્ત

રાજેન્દ્રભુવન રોડ, વેરાવળ-૩૬૨૨૬૬ જી. ગીર-સોમનાથ, ગુજરાત. ફોનઃ ૦૨૮૭૬-૨૪૪૫૨૮/૨૯/૩૨ ફેક્સઃ ૨૪૪૪૧૭

www.sssu.ac.in E-mail - sssu.veraval@gmail.com

## શાસ્ત્રી (સ્નાતક - B.A.), શાસ્ત્રી/શિક્ષાશાસ્ત્રી (B.A., B.Ed.), આચાર્ય (અનુસ્નાતક - (M.A) પ્રવેશ માહિતી

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ સંચાલિત સંસ્કૃત કોલેજમાં સંસ્કૃત વિષય સાથે સ્નાતક (શાસ્ત્રી/B.A.) થવા માટે વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. જેમાં વેદ, વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષ, પુરાણ અને દર્શન વિષયો હાલ ચાલે છે. સંયુક્ત શાસ્ત્રી-શિક્ષા શાસ્ત્રી (B.A., B.Ed.) પાઠ્યક્રમ પણ ચલાવવામાં આવે છે. શાસ્ત્રી અને સંયુક્ત શાસ્ત્રી શિક્ષાશાસ્ત્રી પાઠ્યક્રમ ૦૮ સેમેસ્ટર (૪ વર્ષ) માં પૂર્ણ થાય છે. ત્યારબાદ વિદ્યાર્થી અનુસ્નાતક (આચાર્ય/M.A.) અભ્યાસમાં પ્રવેશ મેળવી શકે છે. અનુસ્નાતકમાં પણ શાસ્ત્રીમાં ચાલતા ઉપર્યુક્ત વિષયો સિવાય એમ.એ. (યોગ) નો પાઠ્યક્રમ ચાલે છે, ઉપરાંત એમ.એ. સંસ્કૃત (જનરલ) અને એમ.એ. ઇન હિન્દુ સ્ટડીઝના અભ્યાસક્રમો ચાલે છે. અન્ય આર્ટ્સ ગ્રેજ્યુએટ જે બાબતોમાં ઉમેદવારી કરી શકે છે તેવી બાબતોમાં સંસ્કૃતના સ્નાતકો પણ ઉમેદવારી કરી શકે છે. LL.B. અને UPSC, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકે છે. ધો. ૧૨ કે તેની સમકક્ષ પરીક્ષા, પાસ કરેલ વિદ્યાર્થી ભાઇઓ/બહેનો સ્નાતક શાસ્ત્રી/શિક્ષાશાસ્ત્રી (બી.એ.,બી.એડ.) પ્રથમ સત્રમાં પ્રવેશ મેળવી શકે છે. સંસ્કૃત મુખ્ય વિષય લઇને બી.એ. અથવા શાસ્ત્રી પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થી અનુસ્નાતક (આચાર્ય/એમ.એ.) કક્ષામાં પ્રવેશ મેળવી શકે છે. સંસ્કૃત વિષયમાં પ્રવેશ મેળવનાર બહારગામના વિદ્યાર્થી ભાઇઓ/બહેનો માટે રહેવા-જમવાની સગવડ નિયત શુલ્કથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે. શાસ્ત્રી (B.A) અને આચાર્ય (M.A) ની સાથે સાથે દર વર્ષે યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા ડિપ્લોમાં અભ્યાસક્રમોમાંથી કોઇ એક ડિપ્લોમા પાઠ્યક્રમમાં પણ અભ્યાસ કરી શકાય છે.

### અભ્યાસક્રમનું સત્ર પ્રમાણે શુલ્ક

| અભ્યાસક્રમ | સેમેસ્ટર (સત્ર) ૧ | | સેમેસ્ટર (સત્ર) ૨ થી ૮ | |
|---|---|---|---|---|
| | ભાઇઓ | બહેનો | ભાઇઓ | બહેનો |
| શાસ્ત્રી B.A. | ૧૨૫૦/- | ૬૫૦/- | ૮૫૦/- | ૨૫૦/- |
| સંયુક્ત શાસ્ત્રી શિક્ષાશાસ્ત્રી (Integrated B.A., B.Ed.) | ૮૫૫૦/- | ૫૫૫૦/- | ૭૫૦૦/- ૨ થી ૮ સેમેસ્ટર | ૫૦૦૦/- ૨ થી ૮ સેમેસ્ટર |
| આચાર્ય (M. A.) | ૧૨૫૦/- | ૬૫૦/- | ૮૫૦/- | ૨૫૦/- |
| Master of Arts (M. A.) યોગ (સ્વનિર્ભર) | ૨૧૦૦/- | ૨૧૦૦/- | ૧૭૦૦/- | ૧૭૦૦/- |
| Master of Arts (M. A.) સંસ્કૃત (જનરલ) | ૧૨૫૦/- | ૬૫૦/- | ૮૫૦/- ૨ થી ૪ સેમ. | ૨૫૦/- ૨ થી ૪ સેમ. |
| Master of Arts (M. A.) હિન્દુ સ્ટડીઝ | ૬૧૫૦/- | ૬૧૫૦/- | ૬૧૫૦/- | ૬૧૫૦/- |

### ડિપ્લોમા અભ્યાસક્રમ શુલ્ક

| | |
|---|---|
| Diploma Programme in Distance | ૩૭૫૦/- |
| Diploma - ડિપ્લોમા (૧ વર્ષ) - સંગીત | શુલ્ક - ૩૦૦૦/- |
| Diploma - ડિપ્લોમા (૧ વર્ષ) - યોગ, મંદિર વ્યવસ્થાપન, વાસ્તુશાસ્ત્ર, જ્યોતિષ, કર્મકાંડ, સંસ્કૃત શિક્ષણ | શુલ્ક ૫૦૦/- |
| Post-Graduate Diploma (P.G. Diploma) | મંદિર વ્યવસ્થાપન અને પ્રવાસન - શુલ્ક - ૩૧૦૦/- |

**નોંધ :-** ફી ડીઝીટલ પેમેન્ટ મારફતે જ સ્વીકારવામાં આવશે.

### ~~~~~~~~~~~ યુનિવર્સિટી હોસ્ટેલ ફી ની માહિતી ~~~~~~~~~~~

- યુનિવર્સિટી હોસ્ટેલમાં માટે પ્રવેશ ફોર્મ સાથે દર સત્રમાં રૂ. ૫૦૦/- પ્રવેશ ફી ભરવાની રહેશે. જે નોન-રીફંડેબલ રહેશે.
- હોસ્ટેલમાં પ્રવેશ મેળવતી વખતે પ્રવેશ ફોર્મ સાથે એસ.સી./એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓએ રૂ. ૧૦૦૦/- અને અન્ય કેટેગરીના વિદ્યાર્થીઓએ ૨૦૦૦/- ડીપોઝીટ ફી ભરવાની રહેશે, જે ડીપોઝીટ ફી વિદ્યાર્થીનો અભ્યાસ પૂર્ણ થતાં અથવા તે યુનિવર્સિટી હોસ્ટલમાં રહેવા ન ઇચ્છતા હોય ત્યારે પરત કરવામાં આવશે.
- હોસ્ટેલમાં રહેનાર વિદ્યાર્થીઓએ ભોજન શુલ્ક પેટે દરેક સત્રના પ્રારંભે હોસ્ટેલ ભોજન ટેન્ડરના માન્ય ભાવ મુજબ વિદ્યાર્થીએ ૬૦% ભરવાના રહેશે જ્યારે ૪૦% યુનિવર્સિટી દ્વારા ચુકવાશે. બી.એ., બી.એડ.ના વિદ્યાર્થીઓએ ભોજનની વ્યવસ્થા સ્વયં કરવાની રહેશે. વખતો-વખતના યુનિવર્સિટીના નિયમો લાગુ પડશે.